ઈરાન-ઈરાક સરહદ પાસે વિનાશક ભૂકંપના કારણે કેટલીય ઈમારતો પત્તાના મહેલની જેમ તૂટી.

૭.૩ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપથી લોકોમાં ભારે દહેશત

ઈરાન-ઈરાક સરહદ પર પ્રચંડ ધરતીકંપમાં ૩૪૦થી વધુ મોત

તહેરાન,તા. ૧૩

ઈરાક-ઈરાન સરહદ પર આવેલા વિનાશકારી ભૂકંપમાં મોતનો આંકડો વધીને હવે ૩૪૦ ઉપર પહોંચી ગયો છે. મોતનો આંકડો અતિઝડપથી વધી રહ્યો છે. ઈજાગ્રસ્તોની સંખ્યા ૨૫૩૦ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. કારણ કે અનેક ઘાયલ થયેલા લોકોન હાલત ગંભીર દર્શાવવામાં આવી રહી છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અનેક ઈમારતો પ્રચંડ ભૂકંપના કારણે પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ છે. ટ્વિટ કરવામાં આવેલા પોસ્ટમાં ભયભીત થયેલા લોકો ઉત્તરીય ઈરાકમાં સુલેમાનિયા સ્થિત ઈમારતોથી બહાર ભાગતા નજરે પડી રહ્યા છે. લોકોમાં વ્યાપક દહેશત દેખાઈ રહી છે. બીજી બાજુ નજીકના દરબંદીખાનમાં પણ અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. ભૂકંપની સ્થિતિ પર નજર રાખી રહેલા ઈરાન સરકારના અધિકારીઓએ કહ્યું છે કે, મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. ઈરાન અને ઈરાક બંનેમાં સેંકડો લોકોના મોત થયા છે. ઈરાકમાં ભૂકંપના આંચકા બગદાદમાં પણ અનુભવાયા હોવાનું જાણવા મળ્યું છે. ઈરાનના કરમાનશાહ પ્રાંતના ડેપ્યુટી ગવર્નરે કહ્યું છે કે, રાહત છાવણીઓ ઉભી કરવામાં આવી ચુકી છે. ભૂકંપ હલબજાથી ૩૦ કિલોમીટરના અંતરે દક્ષિણ પશ્ચિમમાં ગઈકાલે રાત્રે ૯.૨૦ વાગે અનુભવાયો હતો. ઈરાકના સુલેમાનિયા પ્રાંતમાં પણ મોટી સંખ્યામાં લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા છે. જે વિસ્તારમાં ભૂકંપનો આંચકો આજે અનુભવાયો છતે આરબ અને યુરેશિયાઈ ટેક્ટોનિક પ્લેટની ૧૫૦૦ કિમી ફાલ્ટ લાઈનની હદમાં આવે છે. પશ્ચિમી ઈરાનથી ઉત્તર પૂર્વીય ઈરાક સુધી આ વિસ્તાર કેન્દ્રિત છે. જેથી ભૂકંપની દ્રષ્ટિએ આ સમગ્ર વિસ્તાર ખુબ જ સંવેદનશીલ છે. ઈરાનના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે રિક્ટર સ્કેલ પર ધરતીકંપની તીવ્રતા ૭.૩ જેટલી ઉંચી આંકવામાં આવી છે.

ઈરાનની સમાચાર સંસ્થાએ કહ્યુ છે કે દેશના ૧૪ રાજ્ય ધરતીકંપના કારણે પ્રભાવિત થયા છે. બીજી બાજુ ગઈકાલના વિનાશકારી ધરતીકંપ બાદ સ્કુલ અને કોલેજેમાં રજાની જાહેરાત કરી છે. આજે સોમવારના દિવસે સ્કુલ અને કોલેજ બંધ રાખવામાં આવી છે.

ભારતને સંપૂર્ણપણે બદલવા માટે દિનરાત કામો કરી રહ્યા છે : મોદી

અમદાવાદ,તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે, ભારતને સંપૂર્ણપણે બદલી નાંખવાનું કામ અભૂતપૂર્વ સ્તરે ચાલી રહ્યું છે. મનીલામાં આશિયાન સંમેલનને સંબોધતા તેમણે કહ્યું હતું કે, સરળ, અસરકારક અને પારદર્શી શાસન આપવા માટે સરકાર દિનરાત એક કરી રહી છે. આ ગાળા દરમિયાન મોદીએ ભારતીય અર્થવ્યવસ્થામાં સુધારા માટે લેવામાં આવેલા પગલા અંગે પણ વાત કરી હતી. સાથે સાથે આ દિશામાં મળેલી સફળતાની પણ વાત કરી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતની એટ ઈસ્ટ પોલિસીના કારણે આ ક્ષેત્ર (આશિયાન) પ્રાથમિકતાના કેન્દ્રમાં છે. મોદીએ પોતાની સરકારમાં મૂળ મંત્રનો પણ ઉલ્લેખ પણ કર્યો હતો અને કહ્યું હતું કે, સરકારે મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ ઉપર ભાર મુક્યો છે. છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં ૧૨ કાયદાઓને રદ કરી દેવામાં આવ્યા છે. મોદીએ જનધન યોજનાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, ભારતમાં મોટી સંખ્યામાં લોકો પહેલા બેંકિંગ ક્ષેત્ર સાથે જોડાયેલા ન હતા. કેટલાક મહિનામાં જનધન યોજના મારફતે ચિત્ર બિલકુલ બદલાઈ ગયું છે. લાખોની જિંદગીમાં ફેરફાર થયા છે.

કાશ્મીર ખીણ : પથ્થરબાજીની ઘટનામાં ૯૦ ટકા સુધી ઘટાડો

જમ્મુ, તા.૧૩

જમ્મુ કાશ્મીરમાં પથ્થરબાજીની ઘટનામાં ૯૦ ટકા સુધીનો ઘટાડો થયો છે. રાજ્ય પોલીસના ડીજીપી એસપી વૈદ્યએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે પથ્થરબાજીની ઘટનામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું હતું કે, પથ્થરબાજીની ઘટનામાં ઘટાડો થવા માટે તમામ ક્રેડિટ કાશ્મીરના લોકોની હોય છે. તેમના પરિણામે જ સ્થિતિમાં સુધારો થયો છે. વૈદ્યએ કહ્યું હતું કે, એકલા એનઆઈએના દરોડાના પરિણામ સ્વરુપે સ્થિતિમાં સુધારો થયો નથી. અન્ય કારણો પણ રહેલા છે. તેમણે ઉમેર્યું હતું કે, નોટબંધી અને ટોચના ત્રાસવાદી કમાન્ડરો સામે કાર્યવાહીના પરિણામ સ્વરુપે પથ્થરબાજીની ઘટનામાં ઘટાડો થયો છે. રાજ્યપોલીસના વડાએ કહ્યું છે કે, ગયા વર્ષ સુધી વર્ષમાં ૪૦થી ૫૦ દિવસ કાશ્મીરમાં પથ્થરબાજીની ઘટના બનતી હતી. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા વર્ષની સરખામણીમાં આ વર્ષે પથ્થરબાજીની ઘટનામાં ૯૦ ટકાનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. આ મોટો ઘટાડો સ્પષ્ટ સ્થિતિનો સંકેત આપે છે.

તેમણે કહ્યું હતું કે, કોઈ સમાહ એવા પણ રહ્યા છે જ્યારે પથ્થરબાજીની કોઈ ઘટના બની નથી. જ્યારે ગયા વર્ષે એક દિવસમાં ૫૦થી પણ વધારે ઘટનાઓ બની જતી હતી. લોકોના મૂડમાં મોટા ફેરફાર જોવા મળી રહ્યા છે. વૈદ્યએ કહ્યું હતું કે, સ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. ખીણમાં સ્થિતિ સુધરતા સામાન્ય લોકોને રાહત થઈ ગઈ છે.

ડીજીપીનું કહેવું છે કે, ગયા વર્ષે, શુક્રવારના દિવસમાં કેટલીક વખત ૪૦થી ૫૦ જેટલી ઘટનાઓ પણ બની જતી હતી પરંતુ હાલના દિવસોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. એનઆઈએ દ્વારા ટેરર ફંડિંગ અને કટ્ટરપંથીઓ સામે લેવાયેલા આક્રમક પગલાની સીધી અસર પણ જોવા મળી રહી છે. અન્ય કારણો પણ છે.

આઈસીસીએ સ્વતંત્ર નિદેશકની નિયુક્તિ પ્રક્રિયાની જાહેરાત કરી

દુબઈ,તા.૧૩

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઈસીસી)એ ખેલના વૈશ્વિક સંચાલનને સુધારવા માટે સ્વતંત્ર નિદેશકની નિયુક્તિ પ્રક્રિયાની જાહેરાત કરી હતી.

સ્વતંત્ર નિદેશકની નિયુક્તિને આ વર્ષ જુનમાં આઈસીસીની પૂર્ણ પરિષદની બેઠકમાં અનેક બંધારણીય પરિવર્તન હેઠળ મંજુરી આપવામાં આવી હતી. આ પદ કોઈ મહિલા જ સંભાળશે.

મોદી અને અમિત શાહ જુની ફોર્મ્યુલા અજમાવે તેવી અટકળો

ગુજરાત : વર્તમાન ધારાસભ્યો પૈકી અનેકની ટિકિટ કપાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુકાઈ ગયા બાદ હવે તમામની નજર ઉમેદવારોની પસંદગીને લઈને કેન્દ્રિત થઈ ગઈ છે. ભાજપમાં ઉમેદવારોની યાદીને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ પ્રવર્તી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ આ વખતે પણ આક્રમક રણનિતી તૈયાર કરવામાં વ્યસ્ત છે. ઘણા વર્તમાન ધારાસભ્યો માની રહ્યા છે કે મોદી અને અમિત શાહ શાસન વિરોધી પરિબળોને રોકવા માટે તેમની વર્તમાન ધારાસભ્યોને ટિકિટ નહી આપવાની ફોર્મ્યુલાને ફરી એકવાર અજમાવશે. જો કે કેટલાક એમ પણ માની રહ્યા છે કે હવે સંજોગો જુદા પ્રકારના બેસી રહ્યા છે. મોદી અને શાહ પોતાની જુની અને સફળ ફોર્મ્યુલા ફરી એકવાર અજમાવી શકે છે. જો કે, રાજ્યના નવા રાજકીય સમીકરણની સ્થિતિ વચ્ચે નવી રણનીતિ ઉપર પણ વિચારણા કરવામાં આવ શકે છે. એકબાજુ પાટીદાર નેતા હાર્દિક પટેલ, ઓબીસી નેતા અલ્પેશ ઠાકોર અને દલિત નેતા જિગ્નેશ મેવાની કોંગ્રેસ સાથે દેખાઈ રહ્યા છે. આવી સ્થિતીમાં આ અસંતુષ્ટ લોકો ભાજપની સામે નવા પડકારો ઉભા કરી રહ્યા છે. નવા ઉભા થઈ રહેલા પડકારો વચ્ચે ભાજપ કેટલીક બેઠકો પર નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારે તેવી શકયતા છે. મોદીએ પહેલા પણ આ ફોર્મ્યુલાને સફળ રીતે અમલી કરી છે. વર્ષ ૨૦૦૭ની ચૂંટણીમાં મોદીએ ૪૭ વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપી ન હતી. જો કે વર્ષ ૨૦૧૨માં રણનિતીમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીમા મોદીએ આ સંખ્યા ઘટાડીને ૩૦ કરી હતી. એ વખતે કેશુાઈ પટેલની ગુજરાત પરિવર્તન પાર્ટીએ ભાજપની સામે કેટલાક પડકારો ઉભા કર્યા હતા. આવી જ રીતે વર્ષ ૨૦૦૨માં ચૂંટણીમાં મુખ્યપ્રધાન તરીકે પ્રથમ વખત રહેલા મોદીના નેતૃત્વમાં ભાજપે ૧૨૧ ધારાસભ્યો પૈકી ૧૮ને પડતા મુકી દીધા હતા. આ વખતે કેશુભાઈ પટેલ કોઈ ખતરા તરીકે નથી. જો કે આના કરતા વધારે તકલીફ દેખાઈ રહી છે. હાર્દિક પટેલના નેતૃત્વમાં પાટીદારો દ્વારા આ વખતે વધારે મોટા પડકારો ઉભા કરવામાં આવ્યા છે. હાર્દિક પટેલ કેશુભાઈ જેટલુ મોટુ કદ ધરાવતા નથી પરંતુ પ્રથમ વખત પાટીદારો અનામતને લઈને આટલી હદ સુધી નારાજ થયા છે. બીજી બાજુ કોંગ્રેસે પહેલાથી જ જાહેરાત કરી છે કે તે તમામ વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપનાર છે. હાર્દિક પટેલન સાથે વાતચીત કરાયા બાદ કોંગ્રેસ પાર્ટી ઉમેદવારોના નામની જાહેરાત કરી શકે છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી માટેનું આજે જાહેરનામું જારી

ગુજરાતમાં પ્રથમ તબક્કામાં કુલ ૮૯ બેઠક ઉપર મતદાન થશે : આવતીકાલથી ૨૧મી સુધી ઉમેદવારીપત્ર ભરાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને લઈને પ્રથમ તબક્કા માટે જાહેરનામું આવતીકાલે બહાર પાડવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૮૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે. રાજયમાં આગામી માસમાં ૯ તેમજ ૧૪ ડીસેમ્બર એમ બે તબકકામા વિધાનસભાની સામાન્ય ચુંટણી માટે મતદાનની પ્રકીયા હાથ ધરવામા આવનાર છે એ અગાઉ પ્રથમ તબકકામાં જે ૮૯ જેટલી બેઠકો માટે મતદાન ૯ ડીસેમ્બરના રોજ હાથ ધરવામા આવશે આ બેઠકો માટે આવતીકાલે મંગળવારના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવશે.રાજય ચુંટણી પંચ દ્વારા આવતીકાલે મંગળવારે જાહેરનામુ પ્રસિધ્ધ કરવામા આવ્યા બાદ ૧૪ થી ૨૧ નવેમ્બર દરમિયાન ઉમેદવારી પત્ર ભરી શકાશે. જયારે ૨૨ નવેમ્બરના રોજ ઉમેદવારી પત્રની ચકાસણી કરવામા આવશે. ૨૪ નવેમ્બર સુધીમા ઉમેદવારીપત્ર પાછા ખેંચી શકાશે. આ બેઠકો પર ૯ ડીસેમ્બરના રોજ મતદાન હાથ ધરવામા આવશે.

બીજા તબકકામાં ૯૩ બેઠકો માટે જાહેરનામુ ૨૦ નવેમ્બરના રોજ બહાર પાડવામા આવશે. પહેલા તબકકામાં કચ્છ, સુરેન્દ્રનગર, મોરબી, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, બોટાદ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડની ૮૯ બેઠકોનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૫મી ઓક્ટોબરના દિવસે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા અટકળોનો અંત આવ્યો હતો.

ગુજરાતમાં બે તબક્કામાં ૯મી અને ૧૪મી ડિસેમ્બરના દિવસે ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૯મી ડિસેમ્બરના દિવસે ૮૯ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે જ્યારે બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ વિધાનસભા બેઠકો માટે મતદાન થશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં બંને જગ્યાઓએ મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૮મી ડિસેમ્બરે થશે.

કોંગ્રેસ પાર્ટી વર્તમાન તમામ ધારાસભ્યોને ટિકિટ આપશે

નવી દિલ્હી,તા. ૧૩

કોંગ્રેસ પાર્ટી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને ઉમેદવારીની પસંદગીને લઈને અંતિમ ક્વાયતમાં છે. જો કે કોંગ્રેસે પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે વર્તમાન તમામ ધારાસભ્યોને રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ આપવામાં આવશે. આવી સ્થિતિમાં જો પાર્ટી આ બાબત ઉપર મક્કમ રહેશે તો ૪૩ સીટ ઉપર કોંગ્રેસ પાર્ટીએ પહેલાથી જ પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. બાકીના ઉમેદવારની પસંદગીની ક્વાયત ચાલી રહી છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી દરમિયાન કોંગ્રેસ પાર્ટીએ વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપવાની વાત કરી હતી. અહેમદ પટેલની રાજ્યસભા ચૂંટણી લઈને કેટલીક રણનીતિ બનાવવામાં આવી હતી. ભાજપના વર્તમાન ધારાસભ્યો પૈકી પણ કેટલાક ધારાસભ્યોને ફરીથી ટિકિટ આપવામાં આવી શકે છે પરંતુ ભાજપ જુની ફોર્મ્યુલા મુજબ આગળ વધવાની દિશામાં વધવા ઈચ્છુક છે.

કોંગ્રેસ પાર્ટી પોતાના બાકીના બધા ઉમેદવારોના નામની જાહેરાત હાર્દિક પટેલ સાથે વાતચીત કર્યા બાદ જ કરશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાઈસ રિસર્ચ ઈસ્ટીટયુટનો પ્રવાસ કર્યો

મનીલા,તા.૧૩

ફિલીપીસના પાટનગર મનીલામાં આસિયાન સંમેલનમાં ભાગ લેવા ગયેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોસ બનોસમાં બનેલ આંતરરાષ્ટ્રીય રાઈસ રિસર્ચ ઈસ્ટીટયુટનો પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેમણે રાઈસ રીજિલિંટ રાઈસ ફિલ્ડનું ઉદ્ઘાટન પણ કર્યું હતું આ પહેલા મોદીએ આસિયાન સમિટિના ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લીધો હતો. ઉદ્ઘાટન કાર્યક્રમમાં કલાકારોએ રામાયણની પ્રસ્તુતિ આપી હતી. આ સંમેલનમાં વડાપ્રધાન મોદી, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રંપ ઉપરાંત ફિલીપીંસના વડાપ્રધાનની મુલાકાત કરશે. ત્રણ દિવસ સુધી ચાલનાર આ સંમેલનમાં વિવિધ મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત વડાપ્રધાન મોદી આસિયાનના બિજનેસ અને ઈન્વેસ્ટમેંચ સમિટને પણ સંબોધિત કરશે. આ પહેલા વડાપ્રધાન મોદી ૫૦માં આસિયાન સંમેલનમાં ભાગ લેવા રવિવારે ત્રણ દિવસની યાત્રા પર ફિલીપીસની રાજધાની મનીલા પહોંચ્યા હતાં.

લગ્ન વિષયક

ચરોતર લેઉવા પટેલ US ગ્રીનકાર્ડ હોલ્ડર B.Pharm. થયેલ ઊં. ૨૯ ઊંચાઈ ૫'૫'' યુવતી (નિર્દોષ ડીવોર્સી નિઃસંતાન) માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવકો (સીટીઝન, ગ્રીનકાર્ડ, H1 તથા સ્ટુડન્ટ વિઝા ધરાવતા) તરફથી બાયોડેટા આવકાર્ય. (ગોળબાધ નથી)

Email : ohm171292@gmail.com

લગ્ન વિષયક

ગામ આમોદ (પેટલાદ) હાલ કાટોલ (નાગપુર) રહેતા Electronic Engineer ઊંમર ૨૫ વર્ષ ઊંચાઈ ૬'૦'' મોબાઈલ શોપ ધરાવતા યુવક માટે પટેલ, સંસ્કારી યુવતી તરફથી ફોટો તથા બાયોડેટા ઈમેલથી સંપર્ક આવકાર્ય છે.

(M) 9879775127 (Hitendra)
Email : Patelsagar514@gmail.com
(M) 9427381862 (Ashok) (રોકી)

લગ્ન વિષયક

હાલ કેનેડા નીવાસી (PR) યુવક ગામ (ઉત્તરસંડા), ઉ. ૨૬ ઊંચાઈ ૫'૫'' ડીપ્લોમા થયેલ સારી જોબ ધરાવતા યુવક માટે સુંદર અને સંસ્કારી યુવતીઓના વાલીઓ તરફથી ફોટા સાથે બાયોડેટા આવકાર્ય છે.

Email : V2304K@gmail.com
Ph: +919825094475, +919408724257

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર કેતન આર. પઢીયાર, એડવોકેટ રે.આણંદના તે આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે :-

મોજે ગામ વિદ્યાનગર તા.જી.આણંદના સીટી સર્વે નં.૧૪૭૩, જેનું ક્ષેત્રફળ ૪૨૦.૧૭ ચો.મી. બિનખેતીલાયક જમીન આવેલી છે. જે જમીન લીનાબેન સતીષભાઈ પટેલના વહીવટકર્તા તરીકે શંભુભાઈ મણીભાઈ પટેલનાઓએ અમારા અસીલને સદર જમીન બાબતે વેચાણ બાનાખત કરી આપેલ છે. તે જમીન અંગે વેચાણ આપનારે અમારા અસીલને બોજા રહિત આવેલ હોવાનું જણાવેલ છે જેથી અમારા અસીલે સદરહુ જમીન અંગે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક હિસ્સો, દાવો, અલાખો, બોજો, હિત સંબંધ આવેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં તમામ પુરાવાઓ સહિત લેખિત જાણ રજી.એ.ડી. પોસ્ટથી કરવી. જો જાણ કરવામાં નહીં આવે તો કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક હિસ્સો વિગેરે આવેલ નથી તેમજ જતો કરેલ છે તેવું માની સદર જમીન અંગે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ આપવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

કેતન આર. પઢિઆર

સરનામું : મારી મારફતે :
કેતન આર. પઢીયાર (એડવોકેટ)
સરદાર ગંજ પાછળ, કૃષ્ણ હોલની બાજુમાં, ગ્રીન પાર્ક, મુ.આણંદ, તા.જી.આણંદ

ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવા માટે તથા વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માટે જાહેર નોટીસ

અમો **બંકીમ બી. દવે, એડવોકેટ, આણંદ** આથી જાણ કરીએ છીએ કે,

(૧) આ નીચે શેડ્યૂલથી બતાવેલી મિલકત અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી તેનો પૂરતો અવેજ ચુકવી વેચાણ રાખવા માગે છે. આ માટે અમારી પાસે ઈચ્છુક ખરીદનાર અમારા અસીલે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલી છે અને તે રીતે મિલકતના ટાઈટલ યોગ્ય અને માર્કેટેબલ જણાય તે રીતે તેઓ મિલકત વેચાણ રાખવા માગે છે. મિલકતનું સીટી સર્વે દફતર ઉપરનું રેકર્ડ અને પાડવામાં આવેલી નોંધો પ્રમાણે સદર મિલકતના ટાઈટલ ચોખ્ખા, નિરાલા, અને માર્કેટેબલ દેખાય છે.

-:શેડ્યૂલ:-

મોજે ગામ **મોગરી**, તા.જિ. આણંદની ખેતીલાયક ખુલ્લી જમીન રે.સ./બ્લોક નં. **૧૩૭૭/પૈકી** દક્ષિણ તરફની હે. ૦-૨૯-૬૨ આરે, ખાતા નં. ૨૮૦ વાળી જમીનની માલિકી તથા કબજો, ભોગવટો વિઠ્ઠલભાઈ ભાઈજીભાઈ ઉર્ફે ભાઈલાલભાઈ પટેલ, રહે. મોગરીની આવેલી છે. આ અંગે આણંદ સીવીલ કોર્ટ કો.મુ.નં. ૨૦૬/૨૦૦૭ ના દાવામાં થયેલ તા. ૨૪/૧૧/૨૦૦૮ ના રોજનું કરારદાદ હુકમનામુ અને તે પછી કો.મુ.નં. ૫૫/૨૦૧૦ ના દાવામાં વિઠ્ઠલભાઈ પટેલની તરફેણમાં આવેલ ચુકાદો તથા તે અંગેનું હુકમનામુ અને રેકર્ડ ઉપરની તમામ નોંધ અને રસ્તા અંગેના હકો ધ્યાને લેતા અને રેવન્યુ દફ્તરે સદર મિલકત તેઓના નામે નોંધાયેલી છે તે જોતા વિઠ્ઠલભાઈના તમામ પ્રકારના હકો આવેલા છે.

(૨) આ મિલકત અંગે અન્ય કોઈનો કોઈ કથી પ્રકારનો હક્ક, હિસ્સો, ઈલાખો, લાગ-ભાગ, વારસાઈ અગર વારસાઈથી પ્રાપ્ત થઈ શકે તે રીતના કોઈ હકકો અગર કોઈ નાણાંકીય સંસ્થા તેમજ બેન્કનો બોજો, ગીરો હક્ક, તારણ કે કાયદા મુજબના અન્ય હક્કો હોય તો આ નોટીસ તારીખથી દિન-૧૦ માં નીચે દર્શાવેલા સરનામે માન્ય લેખિત પુરાવા સહિત અમોને જાણ કરવી. સમય પૂરો થયે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને તે પછી જમીન બીનખેતીના હેતુ માટે અમારા અસીલને વેચાણ લેવાની હોવાથી તે માટે કાયદાની તમામ પ્રક્રિયા સંપૂર્ણ થયેથી મિલકતનો પૂરેપૂરો વેચાણ કિંમતનો અવેજ ચેકથી ચુકવી આપી અમારા અસીલના ખર્ચે તેનો વેચાણ દસ્તાવેજ સંબંધીત સબ રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી કરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ રીતે સમય પૂરો થયા પછી તમામ તકરારો અસ્થાને બનશે અને હશે તો વેઈવ કરી છે તેમ ગણી હેતુસરની કાર્યવાહી સંપન્ન થશે અને તે માટેની તમામ તકરારો અસ્થાને બનશે તેની આથી લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

તારીખ : ૧૪/૧૧/૨૦૧૭ (બંકીમ બી. દવે)
એડવોકેટ, આણંદ

અંબિકા ભવન, નગરપાલિકા સામે,
સ્ટેશન રોડ, આણંદ-૩૮૮ ૦૦૧.
e-mail: bankim_vakil@yahoo.com

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મહંમદશા મોતીશા દિવાન રહે. તમન્ના બંગલો, ગ્રીન પાર્ક, ઈનામમસ્જીદ પાસે મુ.આણંદના તે જાહેર જનતાને આ નોટિસ આપી જણાવીએ છીએ કે :-

૧) જીલ્લે ખેડા તાલુકે વસોના ગામ મોજે દંતાલીની સીમની સર્વે નં. ૪૯૩/પૈકી ૧ વાળી ખેતીની જુની શરતની ૦-૩૦-૨૮ ના ક્ષેત્રફળની જેનો કુલ આકાર રૂ. ૩-૦૦ વાળી જમીન મુસ્તુફાભાઈ અબ્દુલભાઈ ઉર્ફે ભીખાભાઈ રહે. કલોલી તા.વસો જી.ખેડા નાઓએ અમોને તા.૨૮/૦૨/૨૦૧૭ ના રોજ આ જમીનનો ચુકતે અવેજ લઈ વેચાણ કરાર કરી આપેલો અને તેઓએ અમોને વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો પરંતુ મુસ્તુફાભાઈ તા.૧૨/૦૮/૨૦૧૭ ના રોજ અવસાન પામેલા છે જેથી ફકત વેચાણ દસ્તાવેજ કરાવી લેવાનો બાકી રહેલો.

૨) મુસ્તુફાભાઈ અબ્દુલભાઈ ઉર્ફે ભીખાભાઈના વારસદારો અમારો હક્ક ડુબાડવાના બદઆશયથી આ વેચાણ કરાર અન્વયે ચુકતે અવેજ આપેલ હોવા છતાં અન્ય ઈસમોને કોઈપણ રીતે વેચાણ બક્ષીસ ગીરો અગર તો ત્રાહિતનો હિત ઉભો કરી આ જમીન તબદીલ કરવા પ્રયત્ન કરી રહ્યા છે તેવુ અમારી જાણમાં આવેલ છે. જેથી અમોએ ઉપરોકત પેરા ૧ માં જણાવેલી મિલકત અંગે મુસ્તુફાભાઈના કાયદેસરના વારસદારોને આ વેચાણ કરાર અન્વયે આ જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપવા માટે કાયદેસરની નોટિસ આપેલી છે.

૩) જેથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવીએ છીએ કે ઉપરોકત પેરા ૧ માં જણાવેલી ખેતીની જમીન અંગે મૈયત મુસ્તુફાભાઈ અબ્દુલભાઈ ઉર્ફે ભીખાભાઈના વારસદારો ૧) રસીદાબેન તે મુસ્તુફાભાઈની વિધવા ૨) સોહિલભાઈ મુસ્તુફાભાઈ ૩) કરિશ્માબેન મુસ્તુફાભાઈનાઓ પાસેથી ઉપર પેરા ૧ માં જણાવેલી જમીન અંગે કોઈપણ પ્રકારનો કોઈપણ જાતનો દસ્તાવેજ કે લખાણ કે નાણાકીય વ્યવહારો કરી મિલકત ખરીદવા કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવાનો પ્રયત્ન કોઈપણ ઈસમે કે સંસ્થાએ કરવો નહી તેમ છતા જો કોઈપણ ઈસમ કે સંસ્થા આ ખેતીની જમીન અંગે કોઈપણ જાતનો દસ્તાવેજ કે લખાણ કે નાણાકીય વ્યવહાર કરી મિલકત ખરીદવા કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરશે તો તેવી તબદીલી કે તેવા દસ્તાવેજો કે લખાણો અમોને બંધનકર્તા રહેશે નહી અને અમો ઉપરોકત પેરા ૧ માં જણાવેલી જમીન અંગે મુસ્તુફાભાઈના વારસદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાના છે જેથી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૧૧/૧૧/૧૭
સ્થળ : આણંદ. સહી/- મહંમદશા મોતીશા દિવાન

મારી મારફતે, એમ. એન. શેખ, એડવોકેટ - આણંદ.